# મહે.૧૧[મા] એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ, મુ.વડોદરા.

GJVD020361072026

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નં. | :: | ૩૩૮૧૪ /૨૦૨૬ |
| આંક | :: | |

| | |
|---|---|
| ફરિયાદી :– | શ્રી સરકાર |

**–:: વિ રૂ દ્ધ ::–**

| | |
|---|---|
| આરોપી :– | **નિરવ સુખદેવભાઇ દરજી**<br>રહે. ઉપલા ફળિયા નાકા, પથ્થર ગેટ પોલીસ ચોકીની બાજુમા, વડોદરા. |

| |
|---|
| **ગુન્હો : ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબ.** |

## –:: હુ ક મ ::–

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)(૧) તથા એમ.વી. એકટની કલમ–૧૮૫, મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ –૨૧૦ પ્રમાણે આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ –૨૨૭ અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ –૨૩૦ મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ છે, ત્યારબાદ આરોપી તરફે કબુલાત પુરસીસ રજુ કરી, આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાની હકીકત જણાવેલ છે અને વિશેષમાં જણાવે છે કે, તેઓ ગરીબ ઈસમ છે, છુટક મુજરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે તેમજ સદરી ગુન્હો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ તેમની ભુલ સુધારવા માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.

(૩) ઉપરોકત હકીકત તેમજ હાલના આરોપીનું નિવેદન ધ્યાને લેતાં, આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ આરોપીને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની

P.T.O.

જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે, તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે, તે તમામ હકીકતને ઘ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટ** નો ચુકાદો ઘ્યાને લેતા, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ જણાતું હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# -:: હુ ક મ ::-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ -૨૬૪ અન્વયે, આ કામના આરોપીને ઉપરોકત મુજબના ગુનામાં સંયુકત રીતે તકસીરવાન ઠરાવી, એમ.વી.એકટની કલમ-૧૮૫ ના ગુનામાં રૂ.૧,૦૦૦/- તથા પ્રોહી. એકટની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુનામાં રૂ.૧૦૦/- નો દંડ, એમ તમામ ગુનામાં મળી **કુલ રૂ.૧,૧૦૦/- (અંકે રૂપિયા અગિયારસો પુરા)** નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન-૦૭** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.**૧૪** માહે **: માર્ચ** સને **: ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તા.૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ: વડોદરા.**

**( કવિતા ગેહલોત )**
૧૧માં એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
વડોદરા.
**કોડ નં.જીજે ૦૧૭૬૮**

દંડ રૂ.-----------અંકે રૂ.--------------

પા.નં.-----------ઉપર વસૂલ આપેલ છે.

તા.------------
વડોદરા. Superintendent/Nazir

P.T.O.